ડીઝલની કિંમતમાં ભાવ વધારો યોગ્ય : વડાપ્રધાન

નવીદિલ્હી, તા.૧૫

વડાપ્રધાન મનમોહનસિંહે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, દેશને વિકાસના માર્ગ ઉપર ફરી લઈ જવા માટે કેટલાંક કઠોર અને સાહસી પગેલાં લેવા પડશે. ૮.૨ ટકાના વિકાસદરને હાસલ કરવા માટે અર્થતંત્રમાં મુડીરોકાણને વધારવાની જરૂર છે. અર્થતંત્રમાં મુડીરોકાણને વધારવાની જરૂરિયાત પર ભાર મૂકતાં તેમણે કહ્યું હતું કે, ૧૨મી યોજનાના ગાળામાં ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ૧ ટ્રિલિયન ડોલરનાં રોકાણની જરૂર છે. ભાવ વધારા સામે વિરોધ બિનજરૂરી હોવાનો દાવો કરીને તેઓએ વિરોધ પક્ષો અને સાથી પક્ષોની માંગણીને સ્પષ્ટપણે ફગાવી દીધી હતી.

ડીઝલની કિંમતમાં કમરતોડ વધારો કરવા અને એલપીજીનાં સિલિન્ડરોની સંખ્યા મર્યાદિત કરવાનાં કઠોર નિર્ણયને લઈને દેશભરમાં નારાજગીનું મોજુ ફેલાયેલું છે. સાથી પક્ષો પણ નારાજ છે. વડાપ્રધાન મનમોહનસિંહે સાથી પક્ષોની નારાજગીની ચિંતા કર્યા વગર આજે કહ્યું હતું કે, જે કંઈપણ નિર્ણય લેવામાં આવ્યા છે તે

બિલકુલ વાજબી છે. સ્થિતિને ધ્યાનમાં લઈને લેવામાં આવ્યા છે. યોગ્ય દિશામાં નિર્ણય લેવાથી આર્થિક સ્થિતિ મજબૂત બનશે. પોતાનાં નિર્ણયને યોગ્ય ઠેરવીને સિંહે કહ્યું હતું કે, ડીઝલની કિંમતમાં વધારો કરવા અને રિટેલ ક્ષેત્રમાં વિદેશી મૂડી રોકાણ વધવાથી નાણાંકીય ખાધને કાબુમાં લઈ શકાય છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે આયોજન પંચની બેઠકમાં વડાપ્રધાને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, દેશની પ્રગતિ માટે વિદેશી મૂડી રોકાણ જરૂરી છે. આ દિશામાં સતત પ્રયાસો થશે. સિંહે એમપણ કહ્યું હતું કે, ૮.૨ ટકા વિકાસદર હાંસલ કરવા માટે અમને ૧૦ અબજ ડોલર મૂડી રોકાણ હાંસલ કરવાની જરૂર છે. સિંહે આશા વ્યક્ત કરી હતી કે, અર્થતંત્રમાં વર્તમાન નાણાકીય વર્ષના બીજા તબક્કામાં ફરી તેજી આવશે. વડાપ્રધાને ૧૨મી પંચવર્ષીય યોજનાનાં દસ્તાવેજોને મંજુરી આપવામાં બોલાવવામાં આવેલી યોજના પંચની બેઠકને સંબોધિત કરતાં કહ્યું હતું કે, ડીઝલની કિંમતમાં વધારો કરવાનો નિર્ણય યોગ્ય દિશામાં લેવામાં આવેલું એક મહત્વપૂર્ણ પગલું છે. સિંહે ઉર્જા નીતિની વ્યાપક સમીક્ષાની જરૂર હોવાની વાત કરતાં કહ્યું હતું કે, દેશની ઉર્જા સુરક્ષા માટે ખૂબજ મહત્વપૂર્ણ છે. સરકારે બે દિવસ પહેલાં જ ડીઝલની કિંમતમાં લિટરદીઠ રૂપિયા પાંચનો વધારો કર્યો હતો. સાથે સાથે સબસિડીવાળા એલપીજી સિલિન્ડરની સંખ્યા મર્યાદિત કરીને એક વર્ષમાં ૬ કરી દેવામાં આવી હતી. આ નિર્ણયોને લઈને દેશનાં લોકો અને રાજકીય પક્ષો વિરોધ કરી રહ્યાં છે. તેમણે એમપણ કહ્યું હતું કે, તાત્કાલિક પ્રાથમિકતા ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. વૈશ્વિક આર્થિક પડકારોની વાત કરતાં સિંહે કહ્યું હતું કે, આ નાના ગાળાની તકલીફો છે. આનાથી આવનાર સમયમાં અમારી પ્રગતિની શક્યતાઓને લઈને નિરાશા રાખવી જોઈએ નહીં. અર્થતંત્રમાં ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૭.૯ ટકાના દરે વિકાસ થયો હતો. વડાપ્રધાનનો મત છે કે ૧૧મી યોજનામાં સરેરાશ વિકાસદર પણ સારો ગણવામાં આવશે કારણ કે આ ગાળા દરમિયાન બે વૈશ્વિક સંકટનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ સંકટ ૨૦૦૮માં અને બીજું સંકટ ૨૦૧૧માં સર્જાતાં ઘણી અડચણો આવી હતી. સિંહે કબુલાત કરી હતી કે, વર્ષ ૨૦૦૪-૦૫થી ૨૦૦૯-૧૦ વચ્ચે ગરીબી આ પહેલાંના દસ વર્ષની સરખામણીએ બે ગણી ગતિથી ઘટી છે જ્યારે ૧૧મી યોજનાની અવધિમાં કૃષિ વિકાસદર ૩.૩ ટકા રહ્યો છે જે ૧૦મી યોજનામાં નોંધાયેલા ૨.૨ ટકાની સરખામણીમાં ખૂબ વધારે છે. ૧૨મી યોજના અવધિ દરમિયાન વૃદ્ધિ માટે લક્ષ્ય ઘટાડીને ૮.૨ ટકા કરવાના સંબંધમાં સિંહે કહ્યું હતું કે, વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લઈને અંદાજમાં થોડો ઘટાડો કરવામાં આવ્યો છે.

૨૦ સપ્ટેમ્બરે વેપારીઓ દ્વારા પણ ભારત બંધની હાકલ થઈ

નવીદિલ્હી, તા.૧૫

ડાબેરી પક્ષો અને સપા સહિત આઠ મુખ્ય રાજકીય પક્ષોએ મલ્ટીબ્રાન્ડ ક્ષેત્રમાં વિદેશી મૂડીરોકાણને મંજુરી આપવા અને ડીઝલની કિંમતમાં ભાવ વધારો ઝીંકવાના વિરોધમાં ૨૦ સપ્ટેમ્બરે દેશવ્યાપી હડતાળ પર જવાની જાહેરાત કરી છે. ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીના વરિષ્ઠ નેતા એ.બી.વર્ધને આ અંગેની માહિતી આપતાં કહ્યું છે કે, સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહે ૨૦ સપ્ટેમ્બરે હડતાળનું સૂચન કર્યું હતું જેને સ્વીકારી લેવાનો નિર્ણય કરાયો છે. આમાં તમામ ડાબેરી પક્ષો ભાગ લેશે. બીજીબાજુ મલ્ટીબ્રાન્ડ રિટેલ ક્ષેત્રમાં વિદેશી મૂડીરોકાણને લાગુ કરવાના નિર્ણયને લઈને રિટેલ વેપારીઓ પણ હડતાળ પર જવા તૈયાર છે. કન્ફડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ અને ભારત ઉદ્યોગ વેપાર મંડળ ૨૦ સપ્ટેમ્બરે હડતાળ પાડશે. કેટના રાષ્ટ્રીય મહામંત્રી પ્રવિણ ખંડેલવાલે કહ્યું છે કે, સરકારના આક્રમક વલણને જોતાં હડતાળ પાડીને સરકાર પર દબાણ વધારાશે. તેમણે આક્ષેપ કર્યો છે કે, સરકારે દેશનાં અર્થતંત્ર સાથે સંકળાયેલા મહત્વનાં મુદ્દા પર લોકો સાથે અને સંબંધિત કારોબારીઓ સાથે એફ ડીઆઈને મંજુરી આપી દીધી છે. ૨૦ સપ્ટેમ્બરે વેપારીઓ કારોબારને બંધ રાખશે. તેમણે દાવો કર્યો છે કે, આમાં આશરે ૫ કરોડ વેપારીઓ દેશભરમાં ફેલાયેલા ૨૦ હજારથી વધારે વેપારી સંગઠન સામેલ થશે. આગળની રણનીતિ નક્કી કરવા માટે દેશનાં મુખ્ય વેપારી નેતાઓ ૨૧ સપ્ટેમ્બરે વૃંદાવનમાં રાષ્ટ્રીય સંમેલનમાં મળશે. આગામી દિવસોમાં યુપીએ સરકારને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.

ઉત્તરાખંડમાં વાદળ ફાટતાં ૩૫નાં મોત : ૩૫ લાપતા

દહેરાદૂન,તા.૧૫

ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાની શ્રેણીબદ્ધ ઘટનાઓમાં ઓછામાં ઓછા ૩૫ લોકોના મોત થયા છે અને અન્ય ૩૫ લોકો લાપત્તા થયા છે. આ પહાડી રાજ્યમાં વાદળ ફાટવાની ઘટનાના કારણે મોટી સંખ્યામાં મકાનો ધારાશાયી થયા છે. વાદળ ફાટવાની ઘટનાના કારણે રૂદ્રપ્રયાગ જિલ્લામાં ઉખીમઠ વિસ્તારમાં સૌથી વધારે નુકસાન થયું છે. આજે સવારે પણ અહીં વાદળ ફાટવાની ઘટના બનતા ૩૩ન જેટલા મકાનો તૂટી પડ્યા હતા. આઠ ગામોમાં મકાનો ધારાશાયી થયા હતા. ઓછામાં ઓછા ૨૯ લોકોના મોત ઊંઘમાં જ થઈ ગયા હતા. જ્યારે આ દુર્ઘટનામાં અન્ય ૩૫ લોકો લાપત્તા થયા છે. ૧૫ લોકો ઘાયલ થયા છે. દહેરાદૂનમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના કારોબારી ડિરેક્ટરે કહ્યું છે કે ૨૯ મૃતદેહ કબજે કરવામાં આવ્યા છે. અન્ય ૩૫ લોકો લાપત્તા થયા છે. ચુન્ની, મંગોલી, કિમાના, સંસારી, ગિરીયા, પ્રેમનગર જેવા ઉમીમઠના વિસ્તારોમાં અસરગ્રસ્ત થયા છે.

છેલ્લા બે-ત્રણ દિવસથી અતિ ભારે વરસાદ અને વાદળ ફાટવાની ઘટના બની રહી છે જેથી બચાવ અને રાહત કામગીરીમાં પણ અડચણો આવી રહી છે. બચાવ અને રાહત કામગીરીમાં સેના અને આઈટીબીપીના જવાનોની મદદ લેવામાં આવી છે. જો કે વરસાદના કારણે આને અસર થઈ છે. બચાવ અને રાહત કામગીરી માટે ૧૨૦ સેનાના જવાનો અને આઈટીબીપીના જવાનો મૂકવામાં આવ્યા છે. હેલિકોપ્ટરો પણ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા માટે તૈયાર રાખવામાં આવ્યા છે. દુરસંચાર અને વીજળી લાઈન ઠપ થઈ ગઈ છે. આ વિસ્તારમાં નેશનલ હાઈવે સહિતના રાજમાર્ગો પર ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ છે. ઋષિકેશ અને બદ્રિનાથ તથા રુષિકેશ અને ગંગોત્રીના માર્ગો બંધ કરાયા છે. ગઈકાલે મોડી રાત્રે બાગેશ્વર જિલ્લામાં વાદળ ફાટતાં ચારના મોત થયા હતા. ગયા મહિનામાં ઉત્તર કાશીમાં આવો જ એક બનાવ બન્યો હતો જેમાં ૨૮ના મોત થયા હતા.

આરએસએસના પૂર્વ પ્રમુખ સુદર્શનનું એટેકથી અવસાન

સવારે છ વાગે રાયપુરમાં એટેક : અવસાનના સમાચારથી ભાજપ તેમજ આરએસએસના કાર્યકરોમાં દુખનું મોજું

નાગપુર,તા.૧૫

આરએસએસના પૂર્વ પ્રમુખ કેએસ સુદર્શનનું આજે સવારે છ વાગે રાયપુરમાં એટેકના કારણે નિધન થઈ ગયું હતું. તેઓ ૮૧ વર્ષના હતા. સુદર્શન વર્ષ ૨૦૦૦થી લઈને ૨૦૦૯ના ગાળા સુધી આરએસએસના પ્રમુખ તરીકે હતા. સુદર્શનના અવસાનના સમાચાર ફેલાતાની સાથે જ ભાજપ અને આરએસએસના કાર્યકરોમાં આઘાતનું મોજું ફળી વળ્યું હતું. સુદર્શનના મૃતદેહને નાગપુર લઈ જવામાં આવ્યા બાદ અંતિમ દર્શન માટે મૂકવામાં આવશે. સુદર્શનના અંતિમ સંસ્કાર આવતીકાલે રવિવારે બપોરે ૩ વાગે નાગપુરમાં કરવામાં આવશે. સંઘ હેડક્વાર્ટરના એક અધિકારી વિકાસ તેલાંગે સવારે માહિતી આપતા કહ્યું હતું કે સુદર્શન હાલમાં બિમાર હતા અને સારવાર હેઠળ હતા. તેઓ આજે સવારે મોર્નિંગ વોગ ઉપર ગયા હતા. ત્યારબાદ તેઓ રાયપુરમાં સંઘના



હેડક્વાર્ટર ઉપર પહોંચ્યા હતા. કેટલાક સંઘના કાર્યકરોએ જોયું કે સુદર્શન પડી ગયા છે. ત્યારબાદ તેમને રૂમમાં લાવવામાં આવ્યા હતા. તેઓ ઊંઘી ગયા છે તેમ માનીને તેમને સાથે તેમની સાથે જગાડવાના પ્રયાસ કરાયા ન હતા. પરંતુ જ્યારે તેઓ કોઈ પ્રતિક્રિયા ન આપતા તબીબને બોલાવવામાં આવ્યા હતા અને તબીબે આવતાની સાથે જ તેમને મૃત જાહેર કરાયા હતા. અવસાન બાદ સુદર્શનને શ્રદ્ધાંજલિ આપવા માટે કાર્યકરો પહોંચ્યા હતા.સુદર્શન સંઘ પ્રમુખના હોદ્દા પરથી દૂર થઈ ગયા બાદ ભોપાલમાં રહેતા હતા. સંઘના જુદા જુદા કાર્યોમાં માર્ગદર્શક તરીકેની ભૂમિકા અદા કરી રહ્યા હતા.

ગઈકાલે સાંજે તેઓ એક પુસ્તકના વિમોચનના સંબંધમાં રાયપુર ગયા હતા. તેમના જન્મ પણ રાયપુરમાં જ થયેલો છે. વર્ષ ૨૦૦૦થી ૨૦૦૯ દરમિયાન આરએસએસના પ્રમુખ રહેલા સુદર્શન ૧૯૫૪થી જ પ્રચારક તરીકે હતા. સુદર્શન માત્ર નવ વર્ષના હતા ત્યારે જ સંઘની શાખાઓમાં જવા લાગી ગયા હતા. સાગરની એન્જીનીયરીંગ કોલેજમાંથી તેઓએ ટેલી કોમ્યુનિકેશનમાં બીઈની ડીગ્રી મેળવી હતી. ત્યારબાદ ૨૩ વર્ષની વયમાં તેઓ પ્રચારક બની ગયા હતા. તેઓએ પૂર્ણકાલિક પ્રચારક તરીકેની જવાબદારી લીધી હતી. સંઘમાં પરંપરા એવી છે કે પૂર્ણકાલિક લગ્ન કરતા નથી. આ પરંપરા પાળીને જીવન દરમિયાન તેઓએ લગ્ન કર્યા ન હતા. દેશ અને સંગઠનમાં મુખ્ય ધ્યાન આપ્યું હતું.

સમાચાર ઝલક

- મુંબઇમાં ટામેટાં ઉત્પાદકોનાં આંસુ : ૩૦ પૈસે કિલોગ્રામ વેચાયા.
- ૧૨મી પંચવર્ષીય યોજનાનો મુસદ્દો આયોજનપંચ આજે મંજૂર કર્યો.
- ગુજરાતમાં ગણેશ મહોત્સવ-નવરાત્રીમાં સઘન બંદોબસ્ત ગોઠવાશે.
- આર.એસ.એસ.નાં પૂર્વ પ્રમુખ શ્રી સુદર્શનનું નિધન, મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી અંતિમ સંસ્કારમાં હાજર રહેશે.
- ગિફ્ટ સીટીમાં વિશ્વનો સૌથી મોટું એક્ઝિબીશન હોલ બનશે.
- ગ્વાલિયરમાં રૂા. ૨૯ લાખની ચીલઝડપ કરનારાઓમાં એકનું એન્કાઉન્ટરમાં મોત, બેની ધરપકડ.
- ઉત્તરાખંડમાં ફરીથી વાદળ ફાટતાં પરિસ્થિતિ ગંભીર બની, ૪૫નાં મોત, ૪૭ લાપતાં.
- ૧૦૬ દિવસ બાદ પણ દરિયામાંથી માનવી જીવતો મળ્યો.
- ચેન્નાઇમાં અમેરિકન રાજદૂતની કચેરી ઉપર પથ્થરમારો.
- માયાવતી, મુલાયમસિંહ તથા મમતા બેનર્જીની ડિઝલ ભાવવધારો, એફ.ડી.આઇ.નાં પ્રશ્ને સરકારથી નારાજગી, સરકાર સંકટમાં, ૭૨ કલાકની મહેતલ.
- આર્થિક વિકાસ દર હાંસલ કરવા માટે આર્થિક પગલાં જરૂરી : વડાપ્રધાન મનમોહનસિંહ
- કાલકા મેલમાં ચાલુ ટ્રેનમાં લૂંટફાટ, મુસાફરોમાં રોષની લાગણી.

દિલ્હી તરફ જતી ટ્રેનમાં લુંટારાઓએ લુંટ ચલાવી

ભાભુઆ, તા. ૧૫

બિહારનાં કૈમુર જિલ્લામાં ગયા રેલવે સ્ટેશન નજીક નવીદિલ્હી જતી એક્સપ્રેસ ટ્રેનનાં યાત્રીઓ પર હુમલો કરીને કેટલાંક શખ્સો લૂંટ કરીને ફરાર થઈ ગયા હતાં. સશસ્ત્ર લુંટારાઓ ટ્રેનમાં આવી ગયા હતાં અને નવીદિલ્હી તરફ જતી ટ્રેનનાં યાત્રીઓની રોકડ રકમ અને કિંમતી ચીજ-વસ્તુઓ આંચકી લીધી હતી. રેલવે અધિકારીઓએ સમગ્ર મામલામાં ઉંડી તપાસ હાથ ધરી છે. ગયા રેલવે સ્ટેશન ખાતે હાવડા-નવીદિલ્હી એક્સપ્રેસમાં લુંટારાઓની દસ સભ્યોની ટોળકી ઘુસી ગઈ હતી અને રોકડ રકમની લુંટ ચલાવી હતી. ૮ યાત્રીઓ ઘાયલ પણ થયા છે. શુક્રવારની મોડી રાત્રે આ બનાવ બન્યો હતો. ટ્રેનમાં લુંટના બનાવથી ભારે ખળભળાટ મચી ગયો છે.

મારી નજરે (પાના નં. ૪ નું ચાલુ)

ફ્રેકચર્ડ ઇકોનોમી - ફ્રેકચર્ડ લીડરશિપ

કેટલીક યાત્રા ધમધમાટ કરતી આગળ ધપી રહી છે, કેટલીક યાત્રાનો એજંડા હજુ બાકી છે, અને કેટલીકને બીજી ચિંતાઓ સતાવે છે કે અરેરેરે; આ મનમોહનસિંહને શું સૂઝ્યું કે ''ઘરણ ટાણે સા-પ કાઢ્યો?''

કાઢિયાવાડમાં ડૉ. સિંહ ભલે ભણ્યા નહીં હોય પણ તેની કહેવતને બરાબર ન્યાય આપી રહ્યાં છે. ગ્રહણનો દિવસ જ ન્હાવા - ધોવાનો હોય ત્યારે સાપ નીકળે તો શું થાય? બધું અટવાઈ જાય!

ડૉ. સિંહે ભારતના અર્થતંત્રની ગાડી પાટા પર ચડાવવા માટે જે પગલાં ભર્યાં છે, એફડીઆઈનાં, તેને માટે કોઈકે બળાપો કાઢ્યો છે કે આ તો ઈસ્ટ ઇન્ડિયા કંપની ભારતમાં જહાંગીરના સમયે ઘૂસી ગઈને ૨૦૦ વર્ષ ભારતે પરદેશી રાજ સહન કરવું પડ્યું તેવું છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ કિરાણાથી માંડીને આકાશી પ્રવાસ સુધીની બાબતોમાં નાણાં રોકશે ને પછી તેનાથી અનેક ગણા ભાવથી ગ્રાહકને લૂંટશે.

બીજી બાજુ ડિઝલના ભાવ વધારીને જણાવાય છે કે આટલાં બધા કરોડની ખોટ ખાવી પડી છે. ભલા આદમી, તમારા રાષ્ટ્રપતિ - વડાપ્રધાન, મિનિસ્ટ્રી અને અફસર બાબુઓનાં વાહનખર્ચની સાચેસાચી રકમનો હિસાબ લગાવો અને તે બંધ કરી દો તોયે કેટલી બધી આવક થાય? જે કરવું છે તે કરતાં નથી અને જે સત્યાનાશ વાળે તેવાં પગલાં પઇ રહ્યાં છો!

ગુજરાતમાં દરેક 'યાત્રા'ના ચૂંટણી પ્રચાર માટેનાં મુદ્દાઓ શોધવા જવા પડે તેમ નથી. પરંતુ સામાન્ય આદમીનો ખભો તો આર્થિક મુશ્કેલીને લીધે એવો તૂટી ગયો છે કે, કોઇ ઓર્થોપેડિકસ સાંધો કરી શકે તેમ નથી.

અર્થશાસ્ત્રીઓ જે શબ્દ વારંવાર વાપરે છે તે ''ફ્રેકચર્ડ ઇકોનોમી'' આનું નામ! (ફ્રેકચર્ડ લીડરશીપ) નેતાગીરીનું શું કરીશું?

રાહુલ ગાંધી સામેલ થાય તેવી શક્યતા ઓછી

કેબિનેટમાં આગામી સપ્તાહમાં મોટાપાયે ફેરફાર થવાની શક્યતા

નવી દિલ્હી, તા.૧૫

મહત્વપૂર્ણ નીતિ સુધારાઓને લઈને થઈ રહેલાં વિરોધ વચ્ચે કોંગ્રેસનાં નેતૃત્વમાં યુપીએ સરકારમાં પ્રધાનમંડળમાં આગામી સપ્તાહમાં ધરખમ ફેરફારની શક્યતા દેખાઈ રહી છે. જોકે વિરોધ વંટોળ વચ્ચે રાહુલ ગાંધી કેબિનેટમાં સામેલ થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

આર્થિક ક્ષેત્રે સુધારાવાદી પગલાંની જાહેરાત સાથે જ રાષ્ટ્રીય સ્તરે રાજકીય ગરમાવો આવી ગયો છે ત્યારે આગામી સપ્તાહે કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારમાં મોટાપાયે કેબિનેટમાં વિસ્તરણ હાથ ધરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ કેન્દ્રીય રક્ષામંત્રી એ. કે. એન્ટોની, નાણાંમંત્રી પી. ચિદમ્બરમ, ગૃહમંત્રી સુશીલકુમાર શિંદે અને

વિદેશમંત્રી એસ. એમ. કિષ્ના તેમનું પદ જાળવી રાખશે. જો કે અપેક્ષા છતાં કોંગ્રેસ યુવરાજ અને યુથ આઈકોન રાહુલ ગાંધી કેન્દ્ર સરકારમાં હાલ જોડાશે નહીં.

દરમ્યાન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવાણને ફરી રાષ્ટ્રીય રાજકારણમાં લવાશે. તેમને પણ વિસ્તરણમાં મંત્રી પદ અપાશે. સૂત્રોનું માનવામાં આવે તો નવા ચહેરાઓને કેન્દ્રિય કેબિનેટમાં સ્થાન જરૂરથી અપાશે. હાલ કટોકટીની પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલ યુપીએ સરકાર ઈમેજ બદલવા માટે આગામી સપ્તાહે કેબિનેટનું વિસ્તરણ કરશે. આગામી વિસ્તરણમાં કોંગ્રેસના સિનિયર નેતા જનાર્દન દ્વિવેદીને કેબિનેટ પદ અપાશે. જ્યારે મનીષ તિવારી, મીનાક્ષી નટરાજન, જ્યોતિ વિદ્યા અને મનીકા ટાગોરને રાજ્યકક્ષાના મંત્રી બનાવાશે. આ ઉપરાંત દક્ષિણ ફિલ્મના સુપરસ્ટાર ચિરંજીવી અને રેણુકા ચૌધરીનું નામ પણ ચર્ચામાં છે.

રાજ્યકક્ષાના મંત્રી ઓસ્કાર ફર્નાન્ડીઝ અને કે. રહેમાનખાનને પ્રમોશન આપીને કેબિનેટનો દરજ્જો અપાશે. દરમ્યાન સૂત્રો દાવો કરી રહ્યા છે કે બેવડો ચાર્જ ધરાવતા મંત્રીઓ પાસેથી વધારાનો ચાર્જ પરત લઈ લેવાશે. સલમાન ખુરશીદ પાસે લઘુમતી બાબતોનો હવાલો પરત લઈ લેવાશે. તમને કાયદા વિભાગ યથાવત રખાશે. આ જ રીતે કપિલ સિબ્બલ પાસેથી માનવ સંસાધન વિકાસ વિભાગ લઈ લેવાશે. ચાલુ માસના અંત સુધીમાં વિસ્તરણ હાથ ધરાશે.

૧૬મી સપ્ટેમ્બર : ઓઝોન દિન

(પાના નં. ૪ નું ચાલુ)

મોન્ટ્રીયલ પ્રોટોકોલ-કરારની હાંસલ થયેલ આજદિન સુધીની ચાવીરૂપ સિદ્ધિઓ :

મોન્ટ્રીયલ પ્રોટોકોલ હેઠળ તમામ કામગીરી હજીસુધી પૂર્ણ થયેલ નથી. ઓઝોનવાયુ પડ સુરક્ષિત બને અને આપણી ભાવી પેઢી માટે તેની માવજત પણ થતી રહે તેવી ચોક્કસ કામગીરી અંગે હજી ઘણું કાર્ય કરવાનું બાકી છે. અલબત્ત, વર્ષ ૧૯૮૭માં મોન્ટ્રીયલ કરારમાં સામેલ દેશોએ ઘણી સારી નોંધપાત્ર કામગીરી હાંસલ કરી છે.

૧. વૈશ્વિક સાચી ભાગીદારી : મોન્ટ્રીયલ પ્રોટોકોલ વૈશ્વિકસ્તરે એક માત્ર સાર્વત્રિક બહાલી મળેલ સંધિ થયેલ છે. આ કરાર મારફતે ફલિત થાય છે કે, ઓઝોનવાયુ પડની સુરક્ષા માટે તેમજ વ્યાપકપણે જોતા વૈશ્વિક પર્યાવરણીય સુરક્ષા માટે સમગ્ર વિશ્વ કટિબદ્ધ બન્યું છે.

૨. ઓઝોનવાયુ પડની માવજત : વૈશ્વિકસ્તરે થતા વૈજ્ઞાનિક અવલોકનો મુજબ ઓઝોનવાયુ પડને ક્ષીણ કરતા પદાર્થોમાં ઘટાડો થઈ રહ્યો છે. આ ઘટાડાની પ્રક્રિયા હજી ચાલુ છે, તેમ માનવામાં આવી રહ્યું છે. એક અંદાજ મુજબ, મોન્ટ્રીયલ પ્રોટોકોલની તમામ જોગવાઈઓનું પાલન થતાં, વર્તમાન સદીના મધ્યસુધી એટલે કે, વર્ષ ૨૦૫૦ સુધીમાં, વિતેલા વર્ષ ૧૯૮૦ પૂર્વેની સ્થિતિએ ઓઝોનવાયુનું પડ મજબૂત બની જશે.

૩. ઓ.ડી.એસ.(ઓઝોન ડિપ્લિટીંગ સબ્સ્ટન્સિસ) પદાર્થો મહદ્‌અંશે ઘટાડવાના લક્ષની સિદ્ધિ :

ઓઝોનવાયુ પડને ક્ષીણ કરતા સીએફસી-ક્લોરોફ્લોરોકાર્બન, હેલોન્સ, કાર્બન ટેટ્રાફ્લોરાઈડ, મિથાઈલક્લોરોફોર્મ, એન-પ્રોપાઈલબ્રોમાઈડ તથા ક્લોરોબ્રોમોમિથેન પદાર્થોનું મોન્ટ્રીયલ પ્રોટોકોલના તમામ પક્ષકાર દેશોએ ઉત્પાદન બંધ કર્યું છે. આથી, આ પ્રોટોકોલના કારણે ઓઝોનવાયુને ક્ષીણ કરતા પદાર્થોના ઉત્પાદનમાં તેમજ વપરાશમાં ૯૮ ટકાનો ઐતિહાસિક ઘડાડો થયો છે.

૪. વિકાસશીલ દેશોને સહાય : મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલીકરણ હેઠળ, વિશ્વમાં વિકાસશીલ દેશોને મળેલ મલ્ટીલેટરલ ફંડની સહાયથી વર્ષ ૨૦૧૧ સુધીમાં, ઓઝોનવાયુ ક્ષીણ કરતા ઓ.ડી.એસ. (ઓઝોન ડિપ્લિટીંગ સબ્સ્ટન્સિસ) પદાર્થો, જેમાંથી જુદીજુદી પ્રોડક્ટ બનાવવામાં આવતી હતી, તેવા ૨૬૦ હજાર ટન ઓ.ડી.એસ. પદાર્થોનું ઉત્પાદન કાયમી ધોરણે બંધ થયું છે.

૫. પ્રોટોકોલના અનુપાલનનો ઊંચો દર : મોન્ટ્રીયલ પ્રોટોકોલના તમામ પક્ષકાર દેશોની કટિબદ્ધતાથી ઓઝોનવાયુ ક્ષીણ કરતા ઓ.ડી.એસ.(ઓઝોન ડિપ્લિટીંગ સબ્સ્ટન્સિસ) પદાર્થોનું ઉત્પાદન બંધ કરવાના લક્ષનું પાલન થયું છે. આ બાબતના અનેક પાસાઓને ગણત્રીમાં લેતાં મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલીકરણનો દર ૯૮ ટકા આંકવામાં આવ્યો છે. વધુમાં, વિકસિત તેમજ વિકાસશીલ દેશોએ નિયત સમય-મર્યાદાથી ઘણું વહેલું ઓઝોનવાયુ ક્ષીણ કરતા ઓ.ડી.એસ. પદાર્થોનું ઉત્પાદન સદંતર માટે બંધ કર્યું છે.

૬. સ્વાસ્થ્યના ફાયદા : મોન્ટ્રીયલ પ્રોટોકોલના વૈશ્વિકસ્તરે નિયંત્રણો લાધવામાં મળેલ સફળતાને પગલે ચામડીના જીવલેણ કેન્સરના લાખો કિસ્સાઓ, ચામડીના જીવલેણ સિવાયના રોગોના તેમજ આંખોની બીમારીના કરોડો કિસ્સાઓ નિવારી શકાયા છે. માત્ર એકલા યુએસ-યુનાઈટેડ સ્ટેટ્સ દેશમાં જ એક અંદાજ મુજબ વર્ષ ૨૦૬૫ સુધીમાં સંભવિત ૯૩૦ લાખ વ્યક્તિઓનું ચામડીના કેન્સરથી થનાર મોત નિવારી શકવાની ગણત્રી કરી છે. તેવી જ રીતે, વર્ષ ૧૯૯૦થી ૨૦૬૫ દરમિયાન આ દેશ દ્વારા સ્વાસ્થ્ય માવજત માટે થનાર સંભવિત ખર્ચ ૪.૨ ટ્રીલીયન (૪૨૦ હજાર કરોડ) યુએસ ડોલરની બચત થશે, તેવું ગણવામાં આવ્યું છે. વધુમાં, યુએસ-યુનાઈટેડ સ્ટેટ્સની ઈપીએ-એન્વિરોન્મેન્ટ પ્રોટેકશન એજન્સીએ વર્ષ ૨૦૧૧માં કરેલ તારણ મુજબ, મોન્ટ્રીયલ પ્રોટોકોલથી મળેલ સફળતાને કારણે વર્ષ ૨૧૦૦ સુધી અમેરિકામાં જન્મ લેનાર આશરે ૨૨૦ લાખ વ્યક્તિઓ સંભવિતપણે થનાર આંખના મોતિયાની વ્યાધીથી બચી જશે.

૭. મોસમને થનાર ફાયદા : વિશ્વમાં ગ્લોબલ વૉર્મિંગના કારણે પર્યાવરણમાં થતા બદલાવ સામે ટકાઉ મોસમના લાભ મોન્ટ્રીયલ પ્રોટોકોલની સફળતાને કારણે મળશે, તેવું માનવામાં આવી રહ્યું છે. ઓઝોનવાયુ ક્ષીણ કરતા મોટાભાગના કેમિકલ્સ ગ્રીન હાઉસ ગેસના વર્ગમાં પણ ગણાય છે. આવા કેમિકલ્સનું ઉત્પાદન બંધ થયેલ હોય, એક અંદાજ મુજબ ૧૩૫ બીલીયન (૧૩૫૦૦ કરોડ) ટન કાર્બન ડાયોક્સાઈડ જેટલા ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન (રેડિયેશન) થતું પણ ઘટશે. જેથી પૃથ્વીના પર્યાવરણ અને સરવાળે મોસમને પણ ફાયદો થશે, તેમ જણાય છે. આમ, ગ્લોબલ વૉર્મિંગના પડકારનો સામનો કરવા માટે મોન્ટ્રીયલ પ્રોટોકોલની સફળતા પાયાના મહત્વનું યોગદાન તરીકે ગણાય છે.

૮. વૈશ્વિકસ્તરે સ્વીકૃતિ : ઓઝોનવાયુ પડની સુરક્ષાનું મહત્વ સમજાવવા અંગે કેમિસ્ટ્રી વિજ્ઞાનના ઉમદા યોગદાન માટે વર્ષ ૧૯૯૫માં, વૈજ્ઞાનિકો શેરવૂડ રોલ્વેન્ડ, મારિયો મોલિના, અને પાઉલ ક્રૂટ્ઝેનને નોબલ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

વર્ષ ૨૦૦૩માં, મોન્ટ્રીયલ પ્રોટોકોલ માટે યુએન-યુનાઈટેડ નેશન્સના પૂર્વ મહાસચિવ શ્રી કોફિ અન્નાએ આપેલ નિવેદનમાં જણાવ્યું હતું કે, આજની તારીખ સુધીમાં, આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય સંમતિ ક્ષેત્રે મોન્ટ્રીયલ પ્રોટોકોલ એક માત્ર સૌથી સફળ કરાર થયો છે.

તાજેતરમાં, યુએન-યુનાઈટેડ નેશન્સના મહાસચિવ શ્રી બૅન-કિ-મૂનના નિવેદન મુજબ છેલ્લા ચાલીસ વર્ષોમાં જુદાજુદા દેશો વચ્ચે થયેલ સમજુતિ-કરારો પૈકી, માત્ર મોન્ટ્રીયલ પ્રોટોકોલ જ આજદિન સુધી ખરો ઉતર્યો છે. જે રીતે, પૃથ્વીના વાયુમંડળ કવચની માવજત સાથે નવપલ્લવિત કરવા સારૂ આર્થિક સહાય સાથે મોન્ટ્રીયલ પ્રોટોકોલનો સફળ અમલ થયો છે, તે બાબત હવે પછીથી, શક્ય બનાવી શકાય તેવા મહાન કા